## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



હે ભોળાનાથ હું ગીરીજાશંકર... મને ઓળખો છો ને...? હું કાયમ શ્રાવણમાં બિલીપત્ર ચડાવું છું... કે માસ્ક કાઢીને મોં બતાવું...!!

# આરોગ્ય કર્મચારી સંઘે પણ ગ્રેડ-પે અને પડતર પ્રશ્નો ઉકેલવા માંગ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના હોદ્દેદારોએ આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને એક પત્ર લખી હડતાલ સમયના પડતર પ્રશ્નો અને ગ્રેડ-પે સુધારણાના પ્રશ્નનું ઝડપથી નિરાકરણ લાવવા માંગ કરી છે.

પ્રમુખ કિરીટસિંહ ચાવડા, કન્વીનર સુરેશભાઈ ગામીત તથા મહામંત્રી વજુભા જાડેજાએ લખેલા આ પત્રમાં ગ્રામીણ વિસ્તારમાં આરોગ્યની વિવિધ સંવર્ગની સેવાઓ સાથે સંકળાયેલા કર્મયોગીઓના આંદોલન સમયે તબક્કાવાર પ્રશ્નોનો ઉકેલ લાવવાની સરકારે ખાતરી આપી હતી પરંતુ એક પણ પડતર પ્રશ્નનો આજ દિન સુધી ઉકેલ આવ્યો નથી.

પ્રવર્તમાન મહામારીની સ્થિતિમાં પણ આ કર્મયોગીઓ પોતાની સેવાઓ નિયમિત રીતે બજાવી રહ્યા છે. કોવિડ હોસ્પિટલમાં કામ કરતા કર્મયોગીઓને ઈન્સેન્ટીવ આપવાનો નિર્ણય સરકારે કર્યો પણ ગ્રામીણ સ્તરે કોરોના વોરિયર્સ તરીકે સેવારત આ કર્મચારીઓને અન્યાય કરવામાં આવ્યો છે તે અસહ્ય છે. ત્યારે આ બાબતે સરકારે યોગ્ય નિર્ણય કરવો જોઈએ તેવુ અમારૂ સ્પષ્ટ માનવુ છે અને માંગણી પણ છે.

ગ્રેડ-પે અંગે અમારી માંગણી ક્યારનીય પડતર છે પરંતુ સરકારે તે બાબતે પણ સહાનુભૂતિપૂર્વક હજુ વિચારણા કરી નથી આથી કર્મયોગીઓમાં નિરાશા ઉભી થઈ છે.

જો અમારા પ્રશ્નો અંગે ઝડપથી કોઈ ઉકેલ નહિ આવે તો ના છૂટકે અમારે પણ આંદોલનનો માર્ગ પસંદ કરવાની ફરજ પડશે અને તેની સીધી જવાબદારી રાજ્ય સરકારી રહેશે તેવી ચીમકી પણ આ પત્રમાં આપવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિની સમીક્ષા માટે નિયુક્ત કરાયેલ અગ્ર સચિવ સુનયના તોમરે આજે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગરના સાંસદ વ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે ગઈકાલે મુલ્તવી રાખેલી જિલ્લાના અધિકારીઓ સાથેની વિડીયો કોન્ફરન્સ આજે સાંજે ૬ વાગે થશે.
- ગાંધીનગર તાલુકા પંચાયતના સભ્ય અને વાવોલના અગ્રણી કુબેરજી ગોલની તબિયત બગડતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.
- રાજ્યના વેધર વોચ ગૃપની આજે મહત્વની બેઠક મળી હતી.
- રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આજે વિડીયો કોન્ફરન્સ થકી વિવિધ જિલ્લાઓની સમીક્ષા કરવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે બપોરે ઝરમરિયા વરસાદ પછી વાતાવરણમાં ભારે ઉકળાટ જોવા મળ્યો હતો.

# માણસા તાલુકાના પુંધરા અને લોદરા ગામની મુલાકાત લેતા શ્રીમતી સુનયના તોમર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા અને લોદરા ગામની આજરોજ ઉર્જા-પેટ્રોકેમિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરે મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. મનુભાઈ સોલંકી તેમજ અન્ય અધિકારીઓ દ્વારા ગ્રામ્ય સ્તરે તાજેતરમાં કોરોનાની પરિસ્થિતિ અંગે અટકાયતી પગલાં જેવા કે, કોન્ટેકટ ટ્રેસીંગ, ડોર ટુ ડોર સર્વેલન્સ, રેફરલ સેવાઓ અંગેની વિસ્તૃતમાં ચર્ચા કરી હતી. તેનું ક્રોસ ચેકિંગ પણ કર્યું હતું. તેઓશ્રીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ સાથે પણ રિવ્યુ



મીટીંગ યોજી અને કામગીરીની સમીક્ષા કરી હતી. વધુ સારી રીતે કામગીરી થઈ શકે તે માટે આરોગ્યના કર્મચારીને પ્રોત્સાહન આપ્યું હતું.

તેમણ લોદરા ગામના સરપંચશ્રી સાથે મુલાકાત કરીને ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામજનો દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગનો અમલ, માસ્કના નિયમ મુજબ ઉપયોગ તેમજ મેળાવડા અને બિનજરૂરી બહારગામ અવરજવર ટાળવા ઉપર વિશેષ ભાર મુક્યો હતો.

## ડીડીઓએ ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આજરોજ ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હસ્તકના ઉનાવા પીપળજ, પીંડારડા, પેથાપુર, આલમપુર અને પાલજ ગામ ના કોવિડ ૧૯ ના કેસો બાબતની કામગીરી અંગેનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં કેસો વધારે બનવા પામેલ તે અંગે કરવાની થતી કામગીરી અંગે તેઓશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગામના સરપંચ શ્રી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સરપંચશ્રીની કામગીરીને બિરદાવી હતી

## વૃક્ષારોપણ દ્વારા દિકરાનો જન્મદિવસ ઉજવતા એપીએમસીના ચેરમેન અશોકભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૧

હાલમાં જુલાઈ માસમાં દર વર્ષે વિવિધ સંસ્થાઓ દ્વારા વૃક્ષો વાવી વન મહોત્સવની ઉજવણી થતી હોય છે.

ઉપરાંત રાજ્યના વૃક્ષપ્રેમી નાગરિકો લગ્નતિથી, પૂણ્યતિથી, જન્મતિથિ નિમિત્તે વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરવા હર હંમેશ ઉત્સુકતા દર્શાવે છે. ત્યારે ગાંધીનગર સ્થિત અને મૂળ ચિલોડા ગામના વતની સિનિયર વકીલ અને એ.પી.એમ.સી.ના યુવા ચેરમેન અશોકભાઈ એચ. પટેલ તથા અગ્રણી મહિલા સુધાબેન પટેલના સુપુત્ર તેજસ અશોકભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે પોતાના



નિવાસસ્થાને તંદુરસ્ત લીલા લીમડાના બે રોપા લાવી વૃક્ષારોપણ કર્યુ હતુ. આ બંને રોપોને જાળવણી અને ઉછેર માટે ટી ગાર્ડ લગાવી બાળ વૃક્ષોને સાચવવા અને પર્યાવરણનુ જતન કરવા સંકલ્પ લીધા હતા. વૃક્ષ એ સંત પુરૂષ સમાન છે તેવા સુત્રને સાર્થક કરવા જન્મ દિવસની તારીખે દર વર્ષે વૃક્ષારોપણને વેગવંત બનાવવા કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.



ચ-૩ સર્કલ પાસે પાણીના લીકેજની સમસ્યા વારંવાર સર્જાય છે. વારંવાર અહીં રીપેરીંગ કામ કરવામાં આવે છે પરંતુ આ સમસ્યાનો કાયમી ઉકેલ મળતો નથી. અહીં અવારનવાર પાણી રોડ પરથી વહી જતું નજરે ચઢે છે.

# માણસા તાલુકાના વિવિધ ઔદ્યોગિક એકમોની શ્રમ અધિકારીએ મુલાકાત લીધી

અનલોક-૦૨ ના અમલીકરણ સાથે કાર્યરત થયેલા ધંધા-રોજગારના સ્થળો એ સેનેટાઈઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન તથા ફરજીયાત માસ્કનો ઉપયોગ થાય છે. તે સહિતની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સરકારી શ્રમ અધિકારી, ગાંધીનગરની ટીમ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી છે.

કેન્દ્ર અને રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કોરોના-કોવિડ-૧૯ અંતર્ગત ઔધોગિક અને સંસ્થાકીય એકમોમાં કામ બાબતે પ્રસિદ્ધ કરવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર અને માર્ગદર્શક સુચનાઓનું અમલીકરણ સુનિશ્ચિત કરવા આજરોજ ગાંધીનગર સરકારી શ્રમ અધિકારી શ્રીમતી ચૌધરીએ માણસા તાલુકાના વિવિધ ઔધોગિક એકમની મુલાકાત લીધી હતી.



કોરોના વાયરસ સંક્રમણને ટાળવા સાવચેતી એ જ સલામતી છે, ત્યારે ઔધોગિક એકમોમાં કામ કરતાં કર્મચારીઓ તથા શ્રમયોગીઓ કામના સમયે માસ્ક અને હેન્ડ ગ્લોઝ પહેરે છે. તથા કામના સ્થળે સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન થાય છે કે કેમ તેની રૂબરૂ તપાસણી કરવામાં આવી હતી. વધુમાં કામના સ્થળે હાથ ધોવાની વ્યવસ્થા અને સ્થળનું સમયાંતરે સેનેટાઈઝેશન થાય છે કે કેમ તે અંગેની માહિતી સરકારી શ્રમ અધિકારી શ્રીમતી ચૌધરી દ્વારા ઔધોગિક એકમો અને સંસ્થાઓના માલિકોને આરોગ્ય વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર અને માર્ગદર્શક સુચનાઓના સુચારું અમલીકરણ માટે પણ અનુરોધ કર્યો હતો.

# આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨૧

રાજયમાં ૪ દિવસ સામાન્યથી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. એક સાયક્લોનિક સર્ક્યુલેશન હોવાથી રાજયમાં સામાન્ય વરસાદી ઝાપટા રહેશે. જેમાં સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં ઝાપટા પડી શકે છે. આ ૪ દિવસ માછીમારો માટે કોઈ પ્રકારની આગાહી નથી. જેથી માછીમારો દરિયો ખેડી શકશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં અત્યાર સુધી ૩૬% જેટલો વરસાદ પડ્યો છે. આ સાથે જ ઓગસ્ટ મહિનામાં વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થશે. જેથી ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ વરસવાની સંભાવના છે.આ અંગે હવામાન વિભાગે જણાવ્યું કે, ગુજરાતના અનેક જિલ્લાઓમાં વિરામ બાદ ફરી ૨૫ જુલાઈએ ભારે વરસાદ થવાની સંભાવના છે. અમરેલી, ગીર સોમનાથ, વલસાડમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં વાદળછાયું વાતાવરણ રહેશે.વધુમાં હવામાન વિભાગે જણાવ્યું કે, અમરેલી, ગીર સોમનાથ, વલસાડ સિવાયના જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી છે. આ ઉપરાંત બંગાળની ખાડીમાં સિસ્ટમ સક્રિય થઈ નથી. જેના કારણે દક્ષિણ ગુજરાતમાં વરસાદ ઓછો થશે.

## પેરોલ રજા પરથી ફરાર થયેલા આરોપીને એલસીબી-૨ એ લવાડથી પકડી પાડ્યો



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એલસીબી-૨ એ સાબરમતિ જેલ ખાતેથી પેરોલ રજા પરથી ફરાર થયેલા હત્યાના આરોપીને દબોચી લીધો છે. એલસીબીના હે.કો. દિલિપસિંહને બાતમી મળી હતી. જેથી પોલીસે દહેગામના લવાડ ગામના કલ્યાણસિંહ ભવાનસિંહ ચૌહાણને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પુછતાછ કરતા તેની સામે વર્ષ ૨૦૦૩ માં દહેગામ પોલીસ મથકમાં હત્યાનો ગુનો નોંધાયો છે.

આ કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદની સજા થયેલી છે. તે ૭૦ દિવસ પેરોલ રજા પર બહાર આવ્યો હતો. ૨૦ જુનના રોજ તેને સાબરમતિ જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ તે હાજર થયો ન હતો. જેથી પોલીસે તેની પકડી પાડીને સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

# નકલી ઈન્જેકશન કૌભાંડ મામલે ચાર આરોપીની ધરપકડ

ગાંધીનગર,તા.૨૧

રાજ્યમાં કોરોના વાઈરસની મહામારી વચ્ચે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે થોડા દિવસો અગાઉ નકલી ઈન્જેક્શનનું રાજયવ્યાપી કૌભાંડ ઝડપી પાડ્યું હતું. આ કૌભાંડમાં અનેક લોકોના નામ સામે આવતા પોલીસે કાર્યવાહી કરી હતી. ત્યારે અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં પણ ૫ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. મામલે પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી છે.

રાજયમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કોરોનાના નકલી ટોસિલિઝુમેબ ઈન્જેક્શનના વેચાણ થતા હોવાનો પર્દાફાશ કર્યો હતો. ૪૦૦ મિલિગ્રામના ઈન્જેક્શનનું સુરતથી વેચાણ થતું હોવાનું રાજયવ્યાપી કૌભાંડ હતું. જે બાદ અમદાવાદમાં ખાનગી તબીબના ત્યાં દાખલ થયેલા દર્દીને આ ઈન્જેક્શન અપાયું હતું અને દર્દીના સગાને ગુણવત્તા બાબતે શંકા જતા ફરિયાદ કરી હતી.આ અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, સાબરમતીની મા ફાર્મસીના આશિષ શાહ દ્વારા રોકડેથી ૧.૩૫ લાખમાં ઈન્જેક્શન ખરીદવામાં આવ્યા હતા. જો કે, તેઓ પાસે આ દવાનો કોઈ જથ્થો મળી આવ્યો ન હતો. પરંતુ તેઓએ આ ઈન્જેક્શન ચાંદખેડાના હર્ષ ભરતભાઈ ઠાકોર પાસેથી વગર બીલે રોકડેથી ૮૦,૦૦૦માં ૪ બોક્સ ખરીદ્યા હતા. જે પૈકી ૩ બોક્સ ફાર્મસીને આપ્યા હતા અને ખબર પડતા ૧ બોક્સનો નાશ કર્યો હતો. હર્ષ ભરતભાઈ ઠાકોરની પૂછપરછ કરતાં તેઓ આ ઈન્?જેક્શનના પાલડી હેપી કેમીસ્ટ એન્ડ પ્રોટીન હાઉસના નિલેશ લાલીવાલા પાસેથી વગર બીલે ૭૦ હજારમાં ખરીદ્યા હતા.

# સમર્પણ કોલેજ દ્વારા શંકરસિંહ બાપુના જન્મોત્સવની વિશિષ્ઠ ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાપિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગર સ્થાપનાના





પચ્ચીસમાં વર્ષમાં પ્રવેશી છે. આ રજત જયંતિ વર્ષે, સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાબાપુના જન્મદિવસ ૨૧ જુલાઈ ૨૦૨૦ની કોલેજ દ્વારા વિશિષ્ઠ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

હાલમાં કોરોના મહામારીના સંકટને કારણે સર્વેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં થેલેસેમિયાગ્રસ્ત બાળકો પણ બાકાત નથી. દીર્ઘકાલીન લોકડાઉનની અસરને કારણે તેમને મળતું રકત પણ સમાપ્ત થઈ રહ્યું છે. આવા બાળકોને તાત્કાલિક રકતની જરૂર હોઈ તેઓને મદદરૂપ થઈ શકાય તે હેતુથી શંકરસિંહ વાઘેલાબાપુના જન્મદિવસ તા. ૨૧ જુલાઈ ૨૦૨૦ મંગળવારે સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, સે-૨૮ ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક બલ્ડ ડોનેશન કેમ્પ તેમજ પર્યાવરણ જતન સંદર્ભે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર્પણ કોલેજ ગાંધીનગરની હેલ્થ એન્ડ યોગ, એલુમની અને એનએસએસ સમિતિ દ્વારા આયોજિત આ ઉપક્રમમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગાંધીનગર, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર અને લાયન્સ કલબ-ગાંધીનગર જેવી સંસ્થાઓ ઉત્સાહભેર સહભાગી થઈ હતી.

કોવિડ-૧૯ના તમામ નિયમોના પાલન સાથે આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પમાં, સ્વૈચ્છિક રકતદાન કરનાર વિદ્યાર્થી મિત્રો અને અધ્યાપકમિત્રોને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા 'કોરોના વોરિયર'નું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું તેમજ એલુમની એસોસીએશન ઓફ સમર્પણ તરફથી માસ્ક, સેનેટાઈઝર અને ઈમ્યુનીટી વર્ક હોમિયોપેથીક ટેબલેટ સાથેની કોરોના કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સામાજિક સેવાકીય આ પ્રવૃત્તિમાં સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર માતાપ્રસાદ પાંડે, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના ચેરમેન જીલુભા વાઘેલા, યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના પ્રમુખ ડૉ. હાર્દિક તલાટી, એલુમની એસોસીએશન ઓફ સમર્પણના પ્રમુખ દીપક પ્રજાપતિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે માઈક્રોસોફ્ટ ટીમ માધ્યમથી યોજાયલી ઓનલાઈન મીટમાં બાપુએ સંસ્થાને શુભેચ્છાઓ આપી હતી.

સમર્પણ કોલેજના આચાર્ય ડૉ.દીપક પંડયાના માર્ગદર્શનમાં યોજાયેલા આ સમગ્ર ઉપક્રમને સફળ બનાવવા માટે ઉપાચાર્ય ડૉ. હેમંત વૈષ્ણવ, આઈક્યુએસી કો-ઓર્ડિનેટર ડૉ. રાજેશ મહેતા, હેલ્થ અને યોગ સમિતિના સંયોજક પ્રા. શ્વેતા પવાર, એલુમની સમિતિના સંયોજક પ્રા. સુરેન્દ્રસિંહ વાઘેલા, એનએસએસ સમિતિના સંયોજક ડૉ. નિતેન્દ્ર પટેલ સહિત સમસ્ત સમર્પણ પરિવારનો ઉમદા સહયોગ સાંપડયો હતો.






ઘટાટોપ બનેલા વૃક્ષોને જો વિકાસના કોઈ કામ માટે કાપવાની જરૂરીયાત ઉભી થાય તો પર્યાવરણ પ્રેમીઓ દુઃખ અનુભવે છે. આવ વૃક્ષોને કાપવાના બદલે તેનું પ્લાન્ટેશન અન્ય સ્થળે કરવામાં આવે તો વૃક્ષો બચી શકે છે. વૃક્ષોનું આખે આખું પ્લાન્ટેશન કરતા મશીનનું લોકાર્પણ વન મંત્રીના હસ્તે પુનિત વન ખાતે કરવામાં આવ્યું હતું.